
## હૃદયને ગાતા ગીતો

### એક દિલ ઔર સો અફસાને




એક દિલ ઔર સો અફસાને હાયે મહોબ્બત હાયે જમાને (2)
મન કી બીના કે મધુર સૂરો મેં, ગાતે હે સબ પ્રેમ તરાને
એક દિલ ઔર સો અફસાને હાયે મહોબ્બત હાયે જમાને


દિલ જો ના હોતા કુછભી ના હોતા,
આંખના રોતી ઔર દર્દના ઉઠતા (2)
અપના યે દામન કૌન ભીગોતા, કૌન કિસી સે યું પ્યારમેં ખોતા
એક દિલ ઔર સો અફસાને, હાયે મહોબ્બત હાયે જમાને
મન બીના કે મધુ સૂરો મેં, ગાતે હે સબ મધુર તરાને

દિલ જો લગાયા ચૈન ના પાયા, સારે જહાંકા ઇલ્ઝામ ઉઠાયા (2)
બાતે સૂનાયે અપના પરાયા, યે તો જનમ જનમ સે હોતા હી આયા
એક દિલ ઔર સો અફસાને, હાયે મહોબ્બત હાયે જમાને
મન બીના કે મધુર સૂરોને, ગાતે હે સબ પ્રેમ તરાને

તુ મેરી મંઝિલ પ્યાર કા સાહિ, જાઉં કિધર
મેં હું તું હિ સમાન ભુલા મુકાબિલ (2)
ઓ મેરે હમદમ લાખ હો મુશ્કિલ કર કે રહેંગે હમ તુઝ કો હી હાસિલ
એક દિલ ઔર સો અફસાને, હાયે મહોબત્ત હાયે જમાને
મન બીના કે મધુર સૂરોમેં ગાતે હે સબ પ્રેમ તરાને
એક દિલ ઔ સો અફસાને, હાયે મહોબ્બત હાયે જમાને

**ગીત :** હસરત જયપુરી **સ્વર:** લતા મંગશેકર **સંગીત :** શંકર જયકિશન **ફિલ્મ:** એક દિલ સૌ અફસાને **દિગ્દર્શક :** આર. સી. તલવાર **વર્ષ :** 1963 **કલાકારો :** રાજકપૂર, વહીદા રહેમાન, લલિતા પવાર મૃદુલા રાની, સુલોચના ચેટરજી સાધના ચૌધરી વિશ્વા મહેરા, જગદીશ રાજ, મહેર બાનુ, રાજકિશોર, રતન ગૌરાંગ

હૃદય તો એક જ હોય પણ તેની કહાણી તેના કિસ્સા સેંકડો હોય તમે જૂદા જુદા હૃદયને મળો અને તેમાંથી જૂદી કહાણીઓ સર્જાય જાય અને આ કહાણી આપણા હાથની વાત જ નથી હોતી. આ કહાણી મહોબ્બતની છે અને જમાનો તે કહાણી સહન નથી કરતો, સામાન્યપણે તે આ મહોબ્બતની વિરુદ્ધમાં જ હોય તો કરવું શું? પ્રેમ કરનારી નાયિકા ગાય ઉઠે, એક દિલ ઔર સો અફસાને હાયે મહોબ્બત હાયે જમાને..*'ને એમ પણ ગાય કે, 'મન કી બીના કે મધુર સુરો મેં, ગાતે હૈ સબ પ્રેમ તરાનેમાણસે જયારે સમાજનો હિસ્સો ત્યારે સામાજિક નિયમોને આગળ કરશે ને પ્રેમીઓની વિરુદ્ધ જશે પણ મનની વાણીના મધુર સૂરો મેં, બધા જ પ્રેમ તરાના ગાતા હોય છે. પ્રેમ વિના કોઇને ચલતું નથી.અને બીજા પ્રેમ કરે ત્યારે તેની વિરુદ્ધમાં આવી જાયચે.



સંગીત : શંકર જયકિશન

હાયે મહોબ્બત હાયે જમાને..


જે કાંઇ છે તે પ્રેમને કારણે છે, બદા વિરોધાભાસ પણ આ પ્રેમ જ સર્જે છે. દિલ જો ના હોતા, કુછ ભીના હોતા, આંખના રોતી ઔર દર્દના ઉઠતા, આપના યે દામન કૌન ભીગોતા, કૌન કિસીસે યું પ્યાર મેં ખોતાજે કાંઇ છે, જે અફસાના છે તે પ્રેમને કારણે છે. જો દિલ જ ન હોત તો કાંઇપણ ના હોત. દિલના હોત તો આંખો પણ રડતી નહોત અને પીડા પણ ઉઠતી ના હોત. કોણ સામે ચાલીને પોતાનો ખોળો (આંસુથી) ભીંજવે? દિલના હોત તો કોઇ અન્યના પ્રેમમાં પણ ના ખોવાતે. જે છે તે દિલને કારણે છે, તે ના હોત તો આ બધું ના હોત. એક દિલ ઔર સો અફસાને, હાયે મહોબ્બત હાયે જમાને.

માણસને દિલ હોવું જોઈએ કે નહીં એવા સવાલનો તો અર્થ નથી કારણ કે તે તો છે. પણ દિલદાર હોવું તેના સુખ-દુખ છે. દિલ જો લગાયા ચૈ ના પાય, સારે જહાં કા ઇલ્ઝામ ઉઠા, આ બાતેં સુનાયે અપના પરાયા, યે તો જનમ જનમ સે હોતા હી આયા પ્રેમ થવાનો કકે પ્રેમ કરવો તે શરૂમાં તો બહુ રમ્ય લાગે, પ્રેમ જેવું સુખ નહીં પણ સહુ જાણે છે કે પ્રેમ જો કર્યો તો ચેન ઉઠી ગયું ને એક બેચેની કાયમ થઇ ગઇ. આખી દુનિયા પ્રેમીઓને જંપવા ન દે. જાત જાતના આરોપ લગાડે પ્રેમ થયો તો તેનો આટલો વિરોધ શાને? પણ ખબર નહીં પ્રેમીઓને સમાજ સાંખી જ નથી શકતો. આખી દુનિયાના ઇલ્ઝામ લગાવશે. પ્રેમ કરવો શું સામાજિક અપરાધ ચે કે પારકા-પોતાના બધા જ લોકો જાતભાતની વાતો સંભળાવવા માંડશે અને કાંઇ હમણાંની વાત નથી, જન્મોજન્મથી આમ જ થતું આવ્યું છે. આ દુનિયાને ક્યારેય પ્રેમીઓ ગમ્યા નથી. બે હૈયા એક તાય એટલે જમાનો તરત જ કાળઝાળ થઇ જાય. શું કરવું. એક દિલ ઔર સો અફસાને હાયે મહોબ્બત હાયે જમાને મન બીના કે મધુર સૂરોમેં ગાતે હૈ સબ પ્રેમ તરાને પણ જે પ્રેમ કરનારા છે તે તો બદલાવાનાં નથી.`જમ છોડ પર ફૂલઆવે છે તો આવે પ્રકૃતિની કોઇ ઇચ્છા બનીને. પ્રેમ પણ એવો જ ચ એટલે જમાનાની વાત જમાનો જાણે. પ્રેમ કરનારા તો કહેશે, તું મેરી મંઝિલ, પ્યાર કા સાહિ, જાઉં કિધર મેં હૈ તુ હી મુકાબિલ. તું જ મારી મંઝિલ, મારે જયાં પહોંચવું છે તો લક્ષ્યતો ફક્ત તું છે, તું જ મારા પ્રેમનો સાહિલ છે, કિનારો છે તો હવે બીજે તો કયાં જાઉં, મારો તો સામા છેડો પણ તું જ છે, મારો મુકાબિલ તુંજ છે. મારી બધી દિશા તું જચે તે ગમે ત્યાં જાઉં તું ત્યાં છે, મારે બીજે કયાં જવું? ઓ મેરે હમદ લાખ હો મુશ્કિલ કર કે રહેંગે હમ તુઝકો હી હાસિલ, ભલે લાખ મુશ્કેલીઓ આવસે પણ મારા હમદમ અમે તને જ પ્રાપ્ત કરીને રહીશું. આ વચન પ્રિયતમાના છે`જના માટે પ્રેમી સિવાય કોઇ નથી.

હસરત જયપુરી ગીતકાર હોય તો પ્રેમનાં આવા ગીતો જ સર્જાય જેમાં પ્રેમ જ વિદ્રોહ છે. પ્રેમ જ પ્રાપ્તિ છે.

પ્રેમ જ લક્ષ્ય જમાનાને જે કરવું હોય તો કરે. એક દિલ ઔર સો અફસાને, હાયે મહોબ્બત હાયે જમાને. શંકર જયકિશનને લતાજીના સ્વરને જ કેન્દ્રા રીખી ધૂન બનાવી છે. વાદ્યોને નહીં લતાજીના ગાવાને જ સંગીત બનાવાયું છે. આ ગીતમાં પ્રેમના દુઃખની વાત છે જે બીજા સર્જે છે. ને પ્રેમીઓ માટે તો પ્રેમ સિવાય કશું અન્ય નથી. આ દૃઢતા પ્રેમની કરવાની પીડા સાથે ગવાય છે. ●

# સંગીતમાંથી 'રફી'ને બાદ કરો તો બચે શું?



જન્મશતાબ્દી

જેમણે આપણને ગાતાં રાખ્યાં. જે આપણા આનંદ, આપણા કેટલાંય સુખ અને દુઃખના સહભાગી રહ્યા તે મોહમ્મદ રફીના જન્મની શતાબ્દી રાજકપૂરની સાથે સાથે આવી છે. પાર્શ્વગાયન કેવું હોય તે શીખવા માટે એક લતા મંગેશકર, બીજા મોહમ્મદ રફીનાં ગીતો સાંભળવાં. અલબત્ત મન્ના ડે છે. મુકેશ છે, કિશોરકુમાર છે. તલત મહેમુદ છે, ગીતા દત્ત, આશા ભોંસલે છે, શમશાદ બેગમ છે, હેમંતકુમાર છે પણ આ બધા વચ્ચે પાર્શ્વગાયકીનું ઉત્તમ જેમનામાં અનુભવાયું તે તો એક લતાજી અને બીજા મોહમ્મદ રફી જ છે. મોહમ્મદ રફી હતા તો નૌશાદ, શંકર જયકિશન, સચિનદેવ બર્મન, રોશ મદનમોહન કલીલ ચૌધરી, લક્ષ્મીકાંત પ્યારેલાલ, કલ્યાણજી આણંદજી, રવિ, રાહુલદેવ બર્મન જેવા અનેક સંગીતકારોનાં સ્વરાંકન ઉત્તમ સ્વરથી આપણી અનુભૂતિમાં ઊતરી ગયાં. ગાયનની શાસ્ત્રીયતાને પણ તેઓ જાણતા હતા અને સામાન્ય માણસમાં રહેલી ગાયનની સાહજિકતાને પણ જાણતા હતા. તેમણે દિલીપકુમાર, ગુરુદત્ત, શમ્મી કપૂર, દેવ આનંદ, જીતેન્દ્ર, ભારતભૂષણ, જોની વોકર, મહેમુદથી માંડી અનેકની અભિનય શૈલી અને પાત્રગત વિશેષતાને પોતાની ગાયકીનો સ્પર્શ આપ્યો. હિન્દી સિનેમાના સંગીતનો સુવર્ણયુગ જે ગાયકથી સુવર્ણમય બન્યો તે આપણા રફી સાહેબ છે. શું તમે 'બિછડે સભી બારી બારી' ગીત 'જિન્હેં નાઝ હૈ હિન્દ પે વો કહાં હે' રફી સાહેબ વિના કલ્પી શકો? 'રિમઝિમ કે ગીત સાવન ગાયે હાયે ભીગી ભીગી રાતો મેં' યા 'સુહાની રાત ઢલ ચૂકી ન જાને તુમ કબ આઓગે' યા 'ઓ દુનિયા કે રખવાલે સુન દર્દભરે મેરે નાલે', યા 'સાથી ના કોઈ મંઝિલ', 'તું કહાં યે બતા' 'અહેસાન તેરા હોગા મુઝ પર', 'યાદ ના જાયે બીતે દિનો કી', 'ચાહુંગા મેં તુઝે સાંજ સવેરે', 'દિન ઢલ જાયે હાય રાત ના જાય', 'એ ગુલબદન, એ ગુલબદન, ફૂલોસી મહેક કાંટોકી ચુભન', 'લાખોં હે નિગાહમેં જિંદગી કી રાહમેં', 'યાહુ ચાહે મુઝે કોઈ જંગલી કહે...' ઓહોહો આ ગીતોનો અંત નથી.આ બધાં ગીત રફીજીના સ્વરનાં સોને મઢેલાં છે.

24 ડિસેમ્બર 1924માં તેઓ પંજાબના કોટલા સુલતાન સીંઘમાં જન્મેલા. તેમને આયુષ્ય માત્ર 56 વર્ષનું જ મળ્યું પણ તેમણે આ દરમ્યાન એટલાં બધાં ગીતો ગાયાં છે કે આટલા ટૂંકા આયુષ્યને જીવીને જતા રહ્યા હોય એવું લાગતું જ નથી. દેવઆનંદ, દિલીપકુમાર, રાજકપૂરની ત્રિપુટીમાં તેઓ દિલીપકુમાર અને દેવ આનંદના મુખ્ય પાર્શ્વ ગાયક રહ્યા. પણ એવું શમ્મી કપૂર વિશે પણ કહી શકો અને પછી તો 1980 સુધીના અનેક અભિનેતા વિશે કહી શકો. ભારતીય સિનેમા સંગીત તો અનેક સ્વરૂપે ખીલ્યું છે અને રફી સાહેબે કવ્વાલી, ભજન, શાસ્ત્રીય રાગોથી સજેલાં ગીતો કે જોની વોકર, મહેમુદ માટેનાં કોમેડી ગીતો પણ એવી જ સજ્જતાથી ગાયાં. તેમનાં ગીતો સાંભળો અને તમે નક્કી કરી શકો કે આ દિલીપકુમાર માટે હશે,આ શમ્મી કપૂર માટે હશે, આ દેવઆનંદ માટે હશે. આ જોની વૉકર માટે હશે. તેઓ જાણે સ્વરથી અભિનય કરતા હતા. તેમનો કમાલ એ પણ ખરો કે ફક્ત હિન્દી નહીં બંગાળી, આસામી, કોંકણી, ઉડિયા, કન્નડ, સિંધી, મરાઠી, તેલુગુ, મગધી, મૈથિલીને ગુજરાતી ભાષામાંય ગીતો ગાયાં. જે ભારતીય ગાયક હોય તે આ ભાષાઓનો પણ ગાયક હોય. અરે તેમણે તો ઈંગ્લિશ, પર્શીયન, અરેબિક, સિંહાલી અને ડચ ભાષામાંય ગાયું છે.

રફી સાહેબના પિતા તો હજામત કરનારા હતા. રફી સાહેબ આટલા મહાન પાર્શ્વગાયક થયા તે ખરેખર જ નવાઈ પમાડે એવું છે. ઉસ્તાદ અબ્દુલ વહીદ ખાન, પંડિત જીવનલાલ મટ્ટુ અને ફિરોઝ નિઝામી પાસે તેઓ શાસ્ત્રીય સંગીત શીખેલા અને ફક્ત 13 વર્ષના હતા ત્યારે કે. એલ. સાયગલ સાથે ગાવાની તક મળેલી. ગોરી યે ની હીરીયેની' નામનું ગીત 'ગુલ બલોચ' ફિલ્મ માટે ગાયું. જે તેમની શરૂઆત હતી. એ પંજાબી ફિલ્મ હતી અને 1945માં 'ગાંવ કી ગોરી'નામની હિન્દી ફિલ્મમાં પ્રથમ વાર ગાયું પછી તેઓ જાણે એક મહાન પરંપરા સર્જનારા પાર્શ્વગાયક તરીકે ખીલતા ગયા. 1944માં તેમણે મુંબઈમાં પગ મૂકયો અને બસ મુંબઈના થઈ ગયા. નૌશાદના તો તેઓ એટલા ફેવરિટ હતા કે અનિવાર્યપણે જરૂર પડે તો જ તલત મહેમુદ પાસે, મન્નાડે પાસે, મુકેશ પાસે ગવડાવે. એ જમાનો શકીલ બદાયુંની, સાહિર લુધ્યાનવી, શૈલેન્દ્ર મજરુહ, હસરત જયપુરી, કૈફી આઝમી, રાજેન્દ્ર કૃષ્ણ, રાજા મહેંદી અલી ખાં, આનંદ બક્ષી, હસરત જયપુરી જેવા ગીતાકારોનો હતો. રફી સાહેબે શું નથી ગાયું! 'સુનો સુનો એ દુનિયાવાલોં, બાપુ કી અમર કહાની' ગીત સાંભળીને ત્યારના વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ તેમને પોતાના નિવાસસ્થાને બોલાવેલા.

**રફી સાહેબનું એવું હતું કે જાણીતા સંગીતકાર માટે ગાય કે નવોદિત સંગીતકાર માટે ગાય, તેમની ગાયકીની શ્રેષ્ઠતામાં ફરક નહોતો પડતો. ઘણી વાર તો તેમણે ગાવાની ફી પણ નથી લીધી. લતાજી આ ફી બાબતે ખૂબ સભાન પણ રફી સાહેબને બસ ગાવું એ જ કમાણી લાગતું. હીલ રોડ, બાન્દ્રાનાં રફી મેન્શનમાં તેઓ સાદગીપૂર્વક રહ્યા.**

રફી સાહેબનું એવું હતું કે જાણીતા સંગીતકાર માટે ગાય કે નવોદિત સંગીતકાર માટે ગાય, તેમની ગાયકીની શ્રેષ્ઠતામાં ફરક નહોતો પડતો. ઘણી વાર તો તેમણે ગાવાની ફી પણ નથી લીધી. લતાજી આ ફી બાબતે ખૂબ સભાન પણ રફી સાહેબને બસ ગાવું એ જ કમાણી લાગતું. હીલ રોડ, બાન્દ્રાનાં રફી મેન્શનમાં તેઓ સાદગીપૂર્વક રહ્યા. રફી સાહેબ જેવું ગાવાનો અનેકે પ્રયત્ન કર્યો પણ નકલથી કોઇ અસલ થઇ નથી શકયા. શું 'બહારોં ફૂલ બરસાઓ મેરા મહેબુબ આયા હૈ'માં જે પ્રેમભાવ છે તે બીજા અવાજમાં આવી શકે. 'ઓ દુનિયા કે રખવાલે' રફી સાહેબે જેવું ગાયું તે બીજા ગાઈ શકે? દિલીપકુમાર, શમ્મીકપૂર, રાજેન્દ્રકુમાર, જેવાએ હંમેશા રફીનો જ આગ્રહ રાખ્યો. રફીની બોલબાલા હતી ત્યારે બધા જ ગાયકો તેમના પછીના ક્રમે હતા. મન્નાડે, મુકેશ, તલત મહેમુદ, હેમંતકુમાર કે કિશોરકુમાર નબળા ગાયક નહોતા પણ રફી સાહેબના સ્વરમાં જે અનોખાપણું છે, જે વૈવિધ્ય છે તે તો બસ તેમનું જ છે. અરે, તેમણે તો કિશોરકુમાર માટે પણ બે ગીતા ગાયાં છે. એક 'રાગિણી' ફિલ્મમાં છે જેમાં ઓ. પી. નૈયરનું સંગીત હતું. 'મન મોરા બાવરા' ગીત હતું એ અને પછી શંકર જયકિશનને 'શરારત'માં 'અજીબ હે દસ્તાન તેરી યે ઝિંદગી' ગવડાવેલું.

રફી સાહેબને પહેલા ગીત માટે 50 રૂા. મળેલા અને છેલ્લું ગીત 'તેરે આને કી આસ હી દોસ્ત'ગાયું ત્યારે 18,000 રૂ. ફી મળેલી. તેમણે 4700 ગીત ગાયાં છે અને લક્ષ્મીકાંત પ્યારેલાલ માટે તો તેમણે સૌથી વધુ 373 ગીત ગાયાં છે. તેમના પછી શંકર જયકિશન માટે 346, નૌશાદ માટેના 164 ગીતો ગાયાં. તેમણે જેમના માટે સૌ વધુ એકલ ગીત ગાયાં તે મદનમોહન માટે છે. 82 ગીત, ત્યાર પછી નૌશાદ માટેનાં 80 ગીત છે. મજરુહ સુલતાન પુરીના લખેલાં કુલ 390 ગીત તેમણે ગાયાં છે ને તે પછી આનંદ બક્ષીએ લખેલાં 374 ગીતો યાદ કરવાં પડે. રફી સાહેબે જે ગાયું છે તે રફી ઘરાના બની ગયું છે. નૌશાદ, શંકર જયકિશન, ઓ. પી. નૈયર જેવાના સંગીતમાંથી જો રફીને બાદ કરો તો શું બચે? લતાજી, આશાજી, ગીતા દત્ત સાથેના અનેક યુગલ ગીતો આપણા ભવ્ય વારસા તરીકે યાદ કરી શકો. રફીજીમાં કદી કોઈ ગાયક માટે સ્પર્ધાભાવ નહોતો. કોઈનાં ગીતો તેમણે પડાવી લીધાં નથી. 'મન રે તુ કાહે ના ધીર ધરે' સાંભળો તો સમજાશે કે રફી સાહેબે હંમેશા ધીર ધરી છે.

રફી સાહેબનાં પ્રથમ લગ્ન એમના જ સગા બાશીરા બીબી સાથે થયેલાં પણ એ પત્ની ભાગલા પછી ભારત આવવા તૈયાર નહોતાં.

તેમના મા-પિતા ભાગલામાં મૃત્યુ પામેલાં. રફી સાહેબે પછી બિલ્કિસ બાનો સાથે લગ્ન કરેલાં. આ લગ્નથી ચાર દીકરા અને ત્રણ દીકરીના તેઓ પિતા થયા. સઈદ નામનો દીકરો પ્રથમ લગ્નથી છે. રફી એક ફરિશ્તાઈ હસ્તી હતા. 'જુગ્નુ', 'લૈલા મજનુ' અને 'કાલાબજાર' જેવી ફિલ્મમાં તેઓ અભિનય કરતાય દેખાયેલા. હૃદયરોયના તીવ્ર હુમલાએ તેમનું જીવન છીનવી લીધું એ રમઝાનના દિવસો હતા. વરસતા વરસાદમાં તેમનો જનાજો નીકળેલો. જાણે આકાશ સ્વયં રડી રહ્યું હતું.આવા ગાયક જન્મવા એ સંગીતજગતની મહાન ઘટના છે. ●

# પરીક્ષિત સાહનીએ પિતા બલરાજ સાહનીનું સન્માન જાળવ્યું છે



પરીક્ષિત સાહનીનો ચહેરો અને બોડી હિન્દી લોકપ્રિય ફિલ્મોના હીરો બનવાને યોગ્ય નહોતી. બલરાજ સાહનીએ તેમના આ દીકરાને વિદેશમાં અભિનયની તાલીમ અપાવી હતી. એ તાલીમ પછી જ પરીક્ષિત ફિલ્મોમાં આવ્યા હતા પણ બલરાજ સાહનીએ પોતાની અભિનયશૈલીથી એક જુદી જગ્યા ઊભી કરી હતી. પરીક્ષિત સાહની એવી જગ્યા પોતાના માટે ઊભી ન કરી શક્યા અને આમ છતાં અભિનય જ તેમનું જીવન રહ્યું. શરૂમાં તેમણે પોતાનું નામ અજય સાહની રાખેલું પણ નામ બદલવાથી સફળ થવાય એવું તો હોતું નથી. મુખ્ય વાત તો પ્રેક્ષકો તમને સ્વીકારી શકે એવી સજ્જતા હોવી તે છે. 'પવિત્ર પાપી', 'તપસ્યા'જેવી ફિલ્મોમાં તેઓ તનુજા અને રાખીના હીરો હતા પણ ફિલ્મો મનોરંજક માળખાની ન હતી. પરીક્ષિત સાહનીને તમે ગીતોમાં નાચતો કલ્પી ન શકો. રાજકુમાર કે શત્રુઘ્ન સિંહાની જેમ સ્ટાઈલથી ડાયલોગ બોલતો કલ્પી ન શકો. તે ધર્મેન્દ્ર જેવી એકશન પણ નહીં કરી શકે અને કોમેડી માટે પણ તે યોગ્ય નહોતો. બાકી પરીક્ષિતે શરૂઆત તો ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કરેલી. તબસ્સુમ સાથેનું 'દિદાર' નું ગીત યાદ છે? 'બચપન કે દિન ભુલા ન દેના, આજ હંસે કલ રૂલા ન દેના'..! પરીક્ષિતે જો કે બાળકલાકાર તરીકે વધુ કામ ન કર્યું કારણકે તેના પિતા તે અભિનયની તાલીમ પામે તેમ ઈચ્છતા હતા. એ તાલીમ પછી સંજીવકુમાર-ઝાહિદા અભિનીત 'અનોખી રાત'માં પેન્ટરની ભૂમિકા કરી. આ શરૂઆત પછી તેમને 'પવિત્ર પાપી' મળી જેમાં બલરાજ સાહની અને તનુજા હતાં.

બાયોગ્રાફી

પરીક્ષિત સાહની જ્યારે ફિલ્મોમાં આવ્યા ત્યારે ધર્મેન્દ્ર, જીતેન્દ્ર, મનોજકુમાર, સુનીલદત્ત વગેરેના ચડતા દિવસો હતા અને પછી તો રાજેશ ખન્નાનો સમય આવી ગયો. શમ્મીકપૂર, શશીકપૂર વગેરે તો હતા જ. પરીક્ષિતને તમે પ્રદીપકુમાર, ભારત ભૂષણ પ્રકારના હીરોની શૈલી સાથે થોડો સરખાવી શકો. અલબત્ત, તેના કરતાં પરીક્ષિત સારો અભિનેતા હતો પણ તકલીફ એ થઈ કે નવા સ્ટાર્સ ઘણી બધી રીતે છવાયા હતા. પરીક્ષિતને સામાજિક રીતે ગંભીર મુદ્દા ધરાવતી ફિલ્મો વધુ મળી. એવી ફિલ્મોમાં 'સમાજ કો બદલ ડાલો', 'પ્રીત કી ડોરી' વગેરે પણ છે. પરીક્ષિતને સપોર્ટ માટે બલરાજજી હંમેશા સાથે રહ્યા એટલે 'શાયર-એ-કાશ્મીર મા હજુર' માં પણ પિતા-પુત્ર બંને છે. ચેતન આનંદે 'હિન્દુસ્તાન કી કસમ' બનાવેલી તેમાં પણ પરીક્ષિતની નાની ભૂમિકા હતી. (આ ફિલ્મમાં અમજદખાન પહેલી વાર ફિલ્મના પડદે દેખાયેલા)

બલરાજ સાહનીને કામ તો સતત મળતુ રહ્યું પણ તે વખતના સ્ટાર્સ સામે તેઓ ઝાંખા પડતા હતા. 'વંદના' ફિલ્મમાં તેમની સાથે સાધના છે તો 'તપસ્યા'માં તેમની હીરોઈન રાખી છે. હીરો તરીકે આ તેમની છેલ્લી ફિલ્મ ગણવી જોઈએ. 'કભી કભી' માં યશ ચોપરાએ તેમને ડો. આર.પી. કપૂરની સરસ ભૂમિકા આપેલી. પછી ફરી યશજીએ 'દૂસરા આદમી'માં પણ મહત્ત્વની ભૂમિકા આપેલી જે રિશી કપૂરના પ્રેમમાં પડેલી રાખીને સમજાવે છે કે રિશી ભલે શશી કપૂર (શશી સહેગલ) જેવો દેખાતો હોય જેને તું ચાહતી હતી, પણ રિશી (કરન સકસેના) શશી નથી અને તે નીતિ (ટિમ્સી સક્સેના) નો પતિ છે. પરીક્ષિતને ગંભીર ભૂમિકા વધારે શોભી છે. પણ ચરિત્ર અભિનેતા તરીકે પણ તે મર્યાદિત રીતે જ સફળ રહ્યો છે, બાકી 'વિશ્વનાથ', 'કાલા પત્થર', 'અગ્નિ પરીક્ષા', 'સુરાગ', 'દેશપ્રેમી', 'દેશપ્રેમી', 'બોક્સર', 'મેરી જંગ'થી માંડી આજ સુધી અનેક ફિલ્મોમાં કામ કર્યું છે.



'ઉમરાવ જાન'માં તેઓ ઉમરાવના પિતા હતા અને 'લગે રહો મુન્નાભાઈ'માં પણ મિસ્ટર ડિસોઝા તરીકે તો '3 ઈડિયટ્સ'ના મિસ્ટર કુરેશી તરીકે અને રાજકુમાર હીરાનીની 'ડંકી'માં પણ તેઓ છે.

પરીક્ષિત સાહનીએ 'કથા સાગર', 'ગુલ ગુલશન ગુલફામ', 'મિર્ઝા ગાલિબ', 'કહેકશાં' થી માંડી ઘણી ટી.વી. સિરીયલોમાં કામ કર્યું. કામ બાબતે તેમને નવરા બેસવું નથી પડ્યું. અભિનેતા તરીકે તેઓ તેમના પિતા જેવા જ ગ્રેસફુલ રહ્યા છે. તેમણે બલરાજ સાહનીનાં સ્મરણો પણ પુસ્તક સ્વરૂપે આલેખ્યાં છે. પંજાબી ફિલ્મ 'મરહી દા દીવા'માં પણ તેઓ હતા. દૂરદર્શન પર પ્રસારિત થયેલી 'ધ ગ્રેટ મરાઠા'માં તેઓ મલ્હાર રાવ હોલકર તરીકે આવેલા. 'ગુલ ગુલશન ગુલફામ' ટી.વી. શ્રેણીના તો તેઓ નિર્માતા હતા. બલરાજ સાહનીનાં પ્રથમ પત્ની દમયંતી સાહની છે અને પરીક્ષિત તેમના દીકરા છે. પરીક્ષિતનાં પણ બે લગ્ન થયાં. પ્રથમ લગ્ન અરુણા કપૂર સાથે અને આ લગ્નથી અદિતી અને તાનિયા નામે બે દીકરી છે. બીજાં લગ્ન ડો. નંદિની સાથે થયાં અને વરુણરાજ નામે દીકરો છે. પરીક્ષિત સાહની આ પહેલી જાન્યુઆરીએ 81 વર્ષના થશે. બલરાજ સાહનીની ગૌરવપૂર્ણ અભિનય શૈલીને તેમણે જાળવી રાખી એ માટે તેમને માન આપવું જોઈએ. ●